નં.જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૧૬
જી.આઈ.ડી.સી., વડી કચેરી, ગાંધીનગર
તા. ૧૨/૧૦/૨૦૨૨

## // પરિપત્ર //

**વિષયઃ–** **નિગમની જુદી–જુદી ઔદ્યોગિક વસાહતોને પૂર્ણ વિકસીત વસાહતો તરીકે વર્ગીકૃત કરવા બાબત (ત્રીજી યાદી).**

**સંદર્ભઃ–**
**(૧) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/સીઆઈઆર/એકાઉન્ટસ/કોસ્ટ/૧૫/૨૦૦૦ તા.૧૧–૧૨–૨૦૦૪.**
**(૨) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/ પોલીસી/૧૬ તા. ૧૯/૧૦/૨૦૦૬**
**(૩) નિગમના પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/ પોલીસી/૧૪ તા. ૦૧/૦૨/૨૦૧૬**
**(૪) નિગમના નિયામક મંડળની ૫૧૭ મી સભાના ઠરાવ ક્રમાંકઃ ૧૨/પ્રિ–વિતરણ/૫૧૭, તા.૦૯/૦૯/૨૦૨૨**

નિગમ ધ્વારા તેની સ્થાપના બાદ સમયાંતરે રાજયના વિવિધ જિલ્લાઓમાં ઔદ્યોગિક વસાહતોની સ્થાપના કરવામાં આવી છે. આ વસાહતોમાં નિગમની તત્કાલિન નીતિઓ અનુસાર જમીનની માંગણીઓ અન્વયે ફાળવણી કરવામાં આવી હતી અને આ રીતે નિગમની અમુક વસાહતો એવી બની હતી કે જેમાં ૯૦% કે તેથી વધારે ઔદ્યોગિક પ્લોટોની ફાળવણી થઈ ગયેલ હોઈ તેને પૂર્ણ વિકસીત તરીકે જાહેર કરવી અનિવાર્ય થયેલ હતી.

અગાઉ નિગમના નિયામક મંડળની ૪૩૦મી સભાના ઠરાવ ક્રમાંકઃ ૩૪/વિતરણ/૪૩૦/૨૦૦૬ મુજબ સંદર્ભ–૨ દર્શિત પરિપત્રથી ૬૭ ઔદ્યોગિક વસાહતોને પૂર્ણ વિકસીત વસાહત તરીકેની પ્રથમ યાદી જાહેર કરવામાં આવેલ હતી.

ત્યારબાદ નિગમની ૪૮૬મી નિયામક મંડળની સભાના ઠરાવ ક્રમાંકઃ૨૫/વિતરણ/૪૮૬/ ૨૦૧૬ મુજબ સંદર્ભ–૩ દર્શિત પરિપત્રથી અન્ય ૬૭ ઔદ્યોગિક વસાહતોને પૂર્ણ વિકસીત વસાહતો તરીકેની બીજી યાદી જાહેર કરવામાં આવેલ હતી.

તાજેતરમાં મળેલ નિગમની ૫૧૭મી નિયામક મંડળની સભા સમક્ષ ક્રમાંકઃ૧૨/પ્રિ–વિતરણ/ ૫૧૭, તા.૦૯/૦૯/૨૦૨૨થી નિગમની અમુક વસાહતોને પૂર્ણ વિકસીત વસાહત તરીકે વર્ગીકૃત કરવા અંગે જમીનની માંગણી, જમીનની ઉપલબ્ધિ, ઔદ્યોગિક વસાહતોમાં આવેલા ઔદ્યોગિક પ્લોટોનું ૯૦% કે તેથી વધારે ફાળવણી થયેલ હોય તેવી વસાહતો, કાર્યરત ઔદ્યોગિક એકમો, અનુસાંગિક જાહેર

સુવિધાઓની વિગતો કાર્યસૂચિ રૂપે સાદર થયેલ હતી. નિગમની નિયામક મંડળની સભાએ પુખ્ત ચર્ચા વિચારણાના અંતે ઠરાવ ક્રમાંકઃ ૩૩/પ્રિ–વિતરણ/૫૧૭, તા.૦૯/૦૯/૨૦૨૨ જારી કરેલ છે તે અનુસાર પરિશિષ્ટ–૧ માં દર્શાવેલી ૨૮ વસાહતોને પૂર્ણ વિકસીત વસાહત તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

આમ, અગાઉ સંદર્ભ–૨ ની ૬૭ વસાહતો, સંદર્ભ–૩ ની ૬૭ વસાહતો તથા સદર પરિપત્રની ૨૮ વસાહતો એમ કુલ મળીને ૧૬૨ વસાહતો હવે પૂર્ણ વિકસીત તરીકે ગણાશે.

હવે પછી જાહેર થયેલ પૂર્ણ વિકસીત વસાહતોમાં પ્લોટની ફાળવણી, અગાઉ જાહેર થયેલ પૂર્ણ વિકસીત વસાહતોમાં લાગુ પડતી નીતિ નિયમ મુજબ કરવાની રહેશે તેમજ આવી વસાહતોમાં પ્લોટ/શેડ મેળવવા માટેની તમામ પડતર અરજીઓ પરિપત્ર જારી થયા તારીખથી બંધ કરી નિર્ણય કરવાનો રહેશે.

પૂર્ણ વિકસીત વસાહતોમાં પ્લોટ/શેડ ફાળવણી અંગેની નવી ઓનલાઈન અરજીઓ સ્વીકારવાની રહેશે નહીં તેમજ આ વર્ગીકરણ મુજબ પૂર્ણ વિકસીત ઔદ્યોગિક વસાહતોમાં ઔદ્યોગિક પ્લોટ/શેડનું વિતરણ, લગત પ્લોટ તરીકેની ફાળવણીની નીતિ અનુસાર તેમજ માત્ર જાહેર હરાજી ધ્વારા તેમજ હાઉસીંગ પલોટ/કવાર્ટરની ફાળવણી અગાઉ જાહેર થયેલ નીતિ મુજબ કરવાની રહેશે.

નિગમનાં તમામ વિતરણ અધિકારીઓએ આ સૂચનાઓની નોંધ લેવી અને તેનો અમલ કરવાનો રહેશે.

**સહી/–**
**(એમ. થેન્નારસન)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાના:–**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

**રવાના કર્યું**

મેનેજર (મહેકમ),
જીઆઈડીસી, ગાંધીનગર

| Annexure "A" | | | |
|---|---|---|---|
| Sr. no. | Name of Estate | Name of District | Name of Region |
| 1 | Malpur | Arvalli | Ahmedabad |
| 2 | Sanand-I (RIDC) | Ahmedabad | Ahmedabad |
| 3 | Pavi Jetpur | Chhota - Udepur | Baroda |
| 4 | Savali | Vadodara | Vadodara |
| | Savli (EPIP) | Vadodara | Vadodara |
| 5 | Botad | Botad | Bhavnagar |
| 6 | Dhasa | Botad | Bhavnagar |
| 7 | Jafrabad | Amreli | Bhavnagar |
| 8 | Liliya | Amreli | Bhavnagar |
| 9 | Palitana | Bhavnagar | Bhavnagar |
| 10 | Vallabhipur | Bhavnagar | Bhavnagar |
| 11 | Arambhada-II | Devbhoomi Dwarka | Jamnagar |
| 12 | Bhatiya | Devbhoomi Dwarka | Jamnagar |
| 13 | Dhrol | Jamnagar | Jamnagar |
| 14 | Visavadar | Junagadh | Junagadh |
| 15 | Chandisar | Banaskantha | Mehsana |
| 16 | Deodar | Banaskantha | Mehsana |
| 17 | Shihori | Banaskantha | Mehsana |
| 18 | Paddhari | Rajkot | Rajkot |
| 19 | Chotila | Surendranagar | Surendranagar |
| 20 | Dhangadhra | Surendranagar | Surendranagar |
| 21 | Lakhatar | Surendranagar | Surendranagar |
| 22 | Limbdi | Surendranagar | Surendranagar |
| 23 | Sayla | Surendranagar | Surendranagar |
| 24 | Thangadh | Surendranagar | Surendranagar |
| 25 | Dungra | Valsad | Vapi |
| 26 | Jambusar (RIDC) | Bharuch | Ankleshwar |
| 27 | Sagbara | Narmada | Ankleshwar |
| 28 | Mundra | Kutch | Bhuj |